
# આસપાસ ચોપાસ

# દોણ







## ટ્રેકિંગ માટે સોનેરી ડુંગર આકર્ષણનું કેન્દ્ર

દોણ ગામને અડીને આવેલો સોનેરી ડુંગર ટ્રેકિંગ કરનારાઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહેતો આવ્યો છે. ગાઢ જંગલોથી ઘેરાયેલા આ ડુંગરની ટોચે ચોમાસામાં પહોંચવું અઘરું છે. પરંતુ વરસાદ પડતો ન હોય ત્યારે આ ડુંગર પર ચઢવાનો લ્હાવો અનેરો હોય છે. રસ્તામાં આવતાં નાનાં ઝરણાં મનમોહક હોય છે. આ ડુંગર પરથી ઉકાઈ જળાશયનું પાણી અને સોનગઢનો કિલ્લો નિહાળી શકાય છે. અહીં એક ગુફા જેવો ભાગ પણ આવેલો છે. જો કે, આ ડુંગર પરનાં જંગલોમાં જંગલી પ્રાણીઓનો વસવાટ હોવાથી વન વિભાગના સહયોગ વગર ડુંગર પર ટ્રેકિંગ કરવું ક્યારેક જોખમી બની શકે છે. સરકાર અને વન વિભાગના સહયોગથી જ અહીં ટ્રેકિંગની સુવિધાઓ ઊભી કરવામાં આવે તો ખરેખર આ સ્થળ ટ્રેકિંગના શોખીનો માટે આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.

## દોણ ગામમાં દવાખાનું નથી, મોબાઈલ નેટવર્કનાં પણ ઠેકાણાં નથી

આજે સરકાર ગ્રામ પંચાયતથી લઈ રાજ્ય-કેન્દ્રને લગતાં શિક્ષણ, રોજગારી અને તમામ સરકારી કમો તેમજ સરકારી લાભો લેવા ઓનલાઈનનો આગ્રહ રાખે છે. આધારકાર્ડમાં ફિંગર આપવાના હોય કે શિક્ષકો અને બાળકોની હાજરી પૂરવાની હોય ઘણી બધી પ્રક્રિયાઓ સરકારની ઓનલાઇન છે. પરંતુ આ ગામની કમનસીબી કહી શકાય કે અહીં મોબાઈલ નેટવર્કનાં જ ઠેકાણાં નથી. ગોમુખ મહાદેવ મંદિરની વાત કરીએ તો ત્યાં ભાગ્યે જ કોઈ એકાદ કંપનીનું નેટવર્ક મળી રહે છે. સરકાર આજે આરોગ્ય સુવિધાઓ પાછળ કરોડ રૂપિયા ખર્ચી રહી છે. ત્યારે દોણ ગામના લોકોએ આજે પણ આરોગ્યની સુવિધાઓ મેળવવા માટે સોનગઢ તાલુકા અથવા હિંડલા દોડવું પડે છે. અહીં દવાખાનું ન હોવાના કારણે ઘણીવાર લોકોને અગવડ પણ પડતી હોય છે. એટલે કે અહીં એક આરોગ્ય કેન્દ્ર શરૂ થાય એવી પણ લોકો માંગ કરી રહ્યા છે .



પ્રેમિલાબેન ગામીત (સરપંચ)



ભરતભાઈ ગામીત (અગ્રણી)

## ઉચ્ચ અભ્યાસની ગામમાં સુવિધા નથી, મુખ્ય મથક સોનગઢ જવું પડે છે, પાણીની પણ સમસ્યા



અંદાજિત ૭૦૦ની વસતી ધરાવતા દોણ ગામમાં પ્રાથમિક શિક્ષણ મળે ત્યાં સુધીની વ્યવસ્થા છે. ગામમાં ધો.૧થી ૫ સુધીની પ્રાથમિક શાળા છે. પરંતુ પ્રાથમિક કે માધ્યમિક સુધી અથવા તો વધુ અભ્યાસ માટે ગામના વિદ્યાર્થીઓએ મુખ્ય મથક સોનગઢ જવું પડે છે. ગામમાં મોબાઈલનાં નબળાં સિગ્નલ આવતા હોવાથી ક્યારેક જ ફોન પર વાતચીત શક્ય બને છે. વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ મેળવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ નેટવર્કના અભાવે તેઓ ઓનલાઈન શિક્ષણ પણ મેળવી શકતા નથી. ગામમાં ઉનાળા દરમિયાન પાણીની ભારે તંગી રહે છે. પરંતુ આ ગામમાં તાપી નદીનું પાણી પહોંચાડવા માટેની યોજના પર કામ ચાલી રહ્યું હોવાથી ટૂંક સમયમાં પાણીની સમસ્યા ઉકેલાઈ જશે તેની રાહ જોઈ બેઠા છે. ગામમાં મોબાઈલ નેટવર્કનાં ઠેકાણાં નથી.

## દોણ, ચીમકૂવા, ખોખસા, બાલઅમરાઈ, ગાયસવાર વિસ્તારમાં પડતું વરસાદી પાણી મીંઢોળા નદીને જન્મ આપે છે

**દોણ ગામના આસપાસના ડુંગરમાળામાંથી નીકળતાં નાનાં ઝરણાં આગળ વધી મીંઢોળા નદીમાં ફેરવાતાં હોવાનું માનવામાં આવે છે. જો કે, ખરેખરની મીંઢોળા નદી સોનગઢના ટોકરવા ગામ આસપાસથી આકાર મેળવીને આગળ વધી ડોસવાડા જળાશયમાં ઠલવાય છે. ત્યાંથી મીંઢોળા મારફતે વ્યારા, બાજીપુરા, બારડોલી થઇ આગળ વધે છે. દોણ, ચીમકૂવા, ખોખસા, બાલઅમરાઈ, ગાયસવાર વિસ્તારમાં પડતું વરસાદી પાણી મીંઢોળા નદીને જન્મ આપે છે. જો કે, આ બાબતને સમર્થન અપાતું નથી. અહીં સ્થાનિક લોકો આ નાની-નાની નદીઓથી ખેતી કરી પગભર થઈ રહ્યા છે. પરંતુ બારેમાસ અહીં પાણી વ્યવસ્થાની કોઇ ખાસ વ્યવસ્થા નથી. ચેકડેમો પર ભાર મૂકવામાં આવે તો દોણ ગામના ખેડૂતો ખેતીના વધુ અને સારા પાકો લઈ શકે તેમ છે. આમ કરવાથી ખેડૂતોની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થશે. ગામનો પણ વિકાસ થશે.**

## ગૌમુખની જમીન પર વ્યારા વન વિભાગનો કબજો બનાવી રાખનારા લડવૈયાઓ

ગૌમુખની જમીન મહારાષ્ટ્રથી પરત લેવા લાંબી કાયદાકીય લડત ચલાવનારા દોણ અને તેની આસપાસના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી છે. નંદુરબાર ચેરિટી કોર્ટમાં ગૌમુખ વિકાસમંડળના તાપી જિલ્લાના માધવ શંકરભાઈ ગાંવીત (રહે.,ખેખડા, તા.નવાપુર, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર), ભરતભાઈ કે.ગામીત (રહે.,દોણ, તા.સોનગઢ, જિ.તાપી), દેવજીભાઈ ગામીત (રહે.,દોણ, તા.સોનગઢ, જિ.તાપી) તેમજ પિન્ટુભાઈ દુબે (રહે.,મેઢા, તા.સોનગઢ, જિ.તાપી) વગેરેએ આ બાબતે કોર્ટમાં ખૂબ જ લાંબી લડત આપી આખો વિસ્તાર ગુજરાતની હદમાં આવતો હોવાનું પ્રસ્થાપિત કર્યાનું માલૂમ પડ્યું છે.





## આદિવાસીઓનાં સ્થાનકોમાં પણ આસ્થા

આદિવાસીઓ પ્રકૃતિપૂજક હોવાથી તેઓ પ્રકૃતિના દરેક તત્ત્વને દેવ માને છે. પૂર્વજો કાળથી થતી પ્રકૃતિ પૂજા તેઓએ આજે પણ સાચવી રાખી છે. ત્યારે અહીંના સ્થાનિક દોણ ગામના લોકો ગૌમુખ સ્થિત મંદિરોની સાથે આદિવાસીઓના દેવી-દેવતા ગણાતા પાટલી દેવ, વાઘદેવ, નાગદેવ ગોવાળદેવ, કંસરીદેવી વગેરેની પણ પૂજા-અર્ચના કરેં છે. કહેવાય છે કે અનોખા છે આદિવાસીઓ અને અનોખી છે એમની પરંપરા. અહીંના લોકો ડુંગર અને પ્રકૃતિને પણ પૂજે છે અને તેમાં ખૂબ જ આસ્થા ધરાવે છે. ગામમાં પૌરાણિક ભગવતી માતાનું મંદિર પણ આવેલું છે. આ સ્થળે વર્ષો પહેલાં મેળો ભરાતો હતો. સ્થાનિક આદિવાસીઓ આ મેળામાં ઊમટી પડતા હતા. પરંતુ પાંચ દિવસ સુધી ચાલતો આ મેળો વચ્ચે લગભગ ૩૦ વર્ષ સુધી બંધ રહ્યો હતો. જો કે, છેલ્લાં ૩-૪ વર્ષથી ગામના સરપંચ અને આગેવાનોના પ્રયાસોથી આ મેળો ફરી શરૂ કરાયો છે. પરંતુ શરૂ કરવામાં આવેલા મેળામાં હજુ જો સરકાર પ્રયત્ન હાથ ધરે તો ચગડોળ, લાઈટિંગ, યોગ્ય પ્રસિદ્ધિ અને આવનાર લોકો માટે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો આ મેળો વધુ પ્રસિદ્ધિ સાથે આકર્ષણનું કેન્દ્ર બની શકે છે. સ્થાનિક કક્ષાએ ધંધા-રોજગારનો પણ વિકાસ થાય એવી શક્યતાઓને પણ નકારી શકાય નહીં.



## ગામ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન

ભલે ભારતને ખેતીપ્રધાન દેશ કહેવાતો હોય પરંતુ આજે પણ સ્થાનિક આદિવાસી ખેડૂતો જાણકારીના અભાવે અથવા યોગ્ય સુવિધાઓના અભાવે ખેતી કરીને બીજા ખેડૂતો જેટલા તો સમૃદ્ધ નથી થઈ શક્યા. વાત કરીએ દોણ ગામની તો, સોનગઢના દક્ષિણ પટ્ટામાં આવતું આ ગામ જેમની પાસે કૂવા અથવા બોરિંગની સુવિધા છે તેઓ વર્ષમાં એકથી વધુ વાર પાક લઈ શકે છે. બાકી તો બધા ખેડૂતો વરસાદી ખેતી પર જ આધાર રાખતા જોવા મળે છે. ખેતીમાંથી નીકળતા ઘાસચારાથી હવે ધીરે ધીરે તેઓ પશુપાલન તરફ પણ વળ્યા છે. દોણ ગામમાં વસતા આદિવાસી સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. આ ગામમાં સિંચાઈની કોઈ વ્યવસ્થા ન હોવાથી મોટા ભાગના લોકો માત્ર ચોમાસુ ખેતી જ કરે છે. પાણીના અભાવે શિયાળુ ખેતી ઘણા ઓછા લોકો કરે છે. ઉનાળુ ખેતી બિલકુલ થતી નથી. ડાંગર આ વિસ્તારની મુખ્ય ખેતી છે. તેની સાથે જુવાર, તુવેર, મગફળી અને શાકભાજીની ખેતી સાથે પણ ઘણા પરિવારો સંકળાયેલા છે. માત્ર ખેતીની આવકથી જીવન જીવવું મુશ્કેલ હોવાથી છેલ્લાં ૨૦-૨૫ વર્ષથી ગામના ઘણા પરિવારો પશુપાલનનો વ્યવસાય પણ કરતા થયા છે. પ્રમાણમાં ઓછી જમીન ધરાવતા લોકો મજૂરીકામ કરે છે. સિંચાઈના અભાવે આ ગામના લોકો આર્થિક રીતે સધ્ધર થઈ શક્યા નથી.









## શ્રાવણ માસમાં કાવડ યાત્રાનું સુંદર આયોજન કરાય છે

સોનગઢ નગરમાં દર વર્ષે શ્રાવણ માસના સોમવારના પવિત્ર દિવસ નિમિત્તે સંસ્કાર ગ્રુપ દ્વારા દોણ ગામના ગૌમુખ મહાદેવજીના મંદિરેથી રમણીય પાર્કમાં આવેલા શ્રી નીલંઠેશ્વર મહાદેવજી મંદિર સુધી કાવડ યાત્રાનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં શિવભક્તો પગપાળા યાત્રામાં જોડાય છે.

